Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-5, Continuous Issue-21, September - October 203

# અકૂપાર

- નયનભાઈ રાજુભાઈ ડામોર

'અકૂપાર' નામ સાંભળતા જ આપણને , આ કઈ અજીબ શીર્ષક હોય એવું લાગ્યા વિના રહેતું નથી.પણ, આ શીર્ષક આપવા પાછળની કહાની કંઈક અલગ જ છે. તે કંઈક આમ છેકે.

મહાભારતના ૧૮માં પર્વમાં આવતા વનપર્વ માંથી આ નવલકથાનું શીર્ષક લેવામાં આવ્યું છે.જ્યારે પાંડવો ૧૨ વર્ષનાં વનવાસ ભોગવતા હતા, તે સમયે તેમાં અકૂપાર નામનાં કાચબાની વાત આવે છે. અને એ અકૂપાર નામનાં કાચબા નામ પરથી આ નવલકથાનું શીર્ષક 'અકૂપાર' રાખવામાં આવ્યું છે. પણ નવલકથા વાંચ્યા પછી,મારી માન્યતા મુજબ ; હું કહું તો બીજું એક કારણ છે. નવલકથાને આ શીર્ષક આપવાનું કારણ એમ પણ હોઈ શકે કે,આપણા બધાની માન્યતા છે કે પૃથ્વી એ શેષનાગની ફેણ ઉપર ફરે છે. અને એ શેષનાગનો બધો ભાર કાચબો ઊંચકે છે. એમ ગીર પોતે પણ હજારો વર્ષો થી અહીંયા રહેતા લોકો, તેમાં રહેતી સમગ્ર જીવસૃષ્ટિ આ બધાનો ભાર પોતે હજારો વર્ષોથી, પોતાનામાં લઈને હજી પણ ગીર પોતે આટલું જીવંત અને અડીખમ ઉભું છે. અને અહીંની પ્રકૃતિ, અહીંયાનો લોકો.પણ પોતાની સંકૃતિ વગેરે ભૂલ્યા નથી. અહીંયાનાં સિંહથી માંડીને માણસ સુંધી બાધામાં એ કાચબાની જેમ ભાર ઉઠાવાની ક્ષમતા છે.તેથી આ નવલકથાનું શીર્ષક યોગ્ય લાગે છે .

નવલકથાની શરૂઆત આઈમા જેવા આધારસ્તંભ પાત્રનાં શબ્દોથી થાય છે કે –

'ખમ્મા ગ્યર ને'

અને નવલકથા એ ગીરપ્રદેશનાં એક નેસમા અનંત પ્રકૃતિને ગોદમાંથી શરૂઆત પામે છે. ત્યાં આપણને નેસ અને ત્યાં વસતા લોકોનો શબ્દ ચિત્ર લેખક ખડું કરી આપે છે. પણ નાયક આઈમાના આ મર્માળા શબ્દો સાંભળી વિચારમાં પડી જાય છે. કે આઈમા એ શિકાર થયેલા પ્રાણીને ખમ્મા કહેવાને બદલે ગીરને કેમ ખમ્મા કીધું? આ પ્રશ્નનો જવાબમાં લેખકની અનંત સફરમાં જ કથા આકાર લે છે.

નવલકથામાં નાયક કેમ ગીરપ્રદેશમાં આવ્યો ? એ વાચકને જાણ થાય એ માટે નવલકથામાં લેખકે નાનકડી એવી ફ્લેશબેક પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. અને વાચક તરીકે આપણને જાણ થાય છે કે નવલકથાનો નાયક કે જેણે, નવલકથામાં ક્યાંય પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી. તેના મિત્રો મીતા અને કાર્તિકે કોઈક વ્યક્તિ પાસેથી જુદા જુદા પૃથ્વીના પાંચ તત્વોનાં ચિત્રો દોરવા માટેનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. અને તેવો જુદા જુદા પૃથ્વી તત્ત્વનાં ચિત્રો દોરવા માટે જુદા જુદા વ્યક્તિઓને તેવો એ કામ સોંપ્યું છે. અને એ બધામાં પૃથ્વી તત્ત્વનાં ચિત્રો દોરવા માટે, તેઓ નાયકની પસંદગી કરે છે. અને તેને વાત કરે છે, નાયક પ્રથમ તો તેમને ના પાડે છે.પણ પછી તે ઘણી ગડમથલ કર્યા બાદ હા પાડે છે ; અને ચિત્રો દોરવા માટે રાજી થાય છે. પણ તે વિચારે છે, જો આપણે પૃથ્વી તત્ત્વનાં ચિત્રો દોરવા હોય તો શહેરમાં રહીને આ કામ સારી રીતે થઈ શકે નહીં. એના માટે કોઈ યોગ્ય જગ્યા

પસંદ કરવી પડે; અને એના માટે તે મીતા અને કાર્તિકની સલાહ લે છે. પણ મીતા અને કાર્તિક, પોતે જ તેને કોઈ યોગ્ય જગ્યા શોધી લેવા કહે છે, અને તેઓ છૂટા પડે છે.

તે દિવસ નાયકને આખીરાત વિચારમાં ને વિચારમાં ઊંઘ નથી આવતી. પણ અચાનક સવારે તેને ઉંઘનું ઝપકું આવે છે. અને ઊંઘમાં જ તેને એક અજાણ્યો અવાજ સંભળાય છે. અને તે તેને કહે છે –'ગીર, ઘેડ કે બરડો. તારું શું માનવું છે ? એક વખતની આપણી ભૂમિ... નાયક વિમાસણમાં પડી જાય છે ; કે હું તો કોઈ વાર ગીરમાં ગયો નથી, ગીરની કોઈ વાર જોયું પણ નથી; તો પછી આ અવાજ મને ત્યાં જવાની વાત કેમ કહે છે. તે અજાણ્યા અવાજ સાથે ઘણી બધી વાત કર્યા પછી,તે ગીરમાં જવા માટે રાજી થાય છે. તે આ ગીરમાં જવાની વાત પોતાના મિત્રોને કહે છે. અને તે પણ આ પ્રદેશ જવા માટે તેને મંજૂરી આપી દે છે,પછી નાયક ને ત્યાં વસતા આઈમાનો પરિચય ભલામણ કરાવી આપે છે. અને ત્યાં જવાની સલાહ આપે છે ; નાયક ગીર જવા નીકળી પડે છે. રસ્તામાં તે જુનાગઢ અને ગીરની પ્રકૃતિના દર્શન દુરથી કરતો કરતો ગીરમાં પહોંચે છે, ત્યાં તે આઈ માના નેસ નો રસ્તો પૂછી શકાય તેવા કોઈને શોધતો હતો ;અને પાછળથી શબ્દો સંભળાય છે. અને આમ પહેલી જ વખત તેને સાંસાઈ મુલાકાત થાય છે. પોતે અજાણ્યા પ્રદેશમાં કોઈ સાથે હોય તો સારું એમ કરી તે સંસાઈ માટે ઉભો રહે છે. ત્યાં સંસાઈ નજીક આવી તેને કહે છે કે, હું આગળ ચાલુ તું મારી પાછળ રહેજે નાયક થોડીવાર વિચારમા પડી જાય છે. કે આ છોકરી મને આવું કરવા કેમ કહે છે, તે સંસાઈની આગળ જવાની કોશિશ કરે છે,પણ સંસાઈ તેને રોકે છે. તેને સંસાઈની આવી હરકત પર ચીડ ચડે છે કે, આ છોકરી મારી સાથે કેમ આવું કરે છે.? આવું કરવા પાછળનું કારણ આપતા તેને રમજાનાં અને સરયુની વાત કહે છે. નાયક ફરી વિચારમા પડી જાય છે. આ રમઝાન અને સરિયું કોણ? પછી જ્યારે તેઓ ભૂતીયેવડ પહોંચે છે. ત્યારે તેને જાણ થાય છે કે આ સંસાઈ તેને શા માટે રોકતી હતી. સંસાઈ તેને સિંહો ની બાજુમાં થઈને પસાર થઈ જવાનું કહે છે; પણ નાયક ડરી જાય છે. પણ સંસાઈ ડરતી નથી અને તે નાયકને ચૂપચાપ સિંહણોની પાસેથી પસાર થઈ જવા કહે છે.પણ તેઓ જેવા આગળ વધે છે તેવાજ સાંસાઈનાં ઝાંઝરનો રણકાર થાય છે. અને સામે રમતા સિંહણ બાળો તેનો અવાજ સાંભળી તેમની સામે આગળ આવે છે. નાયબ ખૂબ ડરી જાય છે, સંસાઈ પોતાના ઝાંઝર કાઢી અને સિંહણો તરફ ફેકે છે. પોતાની તરફ આગળ આવેલા સિંહ બાળ પાછા વળી જાય છે. આમ બંને ત્યાંથી સિંહણોની નજીક થઈને પસાર થઈ જાય છે. અને પછી સંસાઈ તેને આઈમાનો નેસ બતાવી અને ત્યાંથી જતી રહે છે.

તે આઈમાને નેસ જાય છે,અને ત્યાં બધા પોતાની ઓળખ આપે છે. અને પોતે કયા કારણથી અહીંયા આવ્યો છે; તે પણ જણાવે છે. પછી તો નાયક ધીરે ધીરે ગીર પ્રદેશમાં જેમ જેમ ફરતો જાય છે. તેમ તેમ તે ગીરપ્રદેશને ઓળખતો જાય છે, ત્યાંના લોકોને ઓળખતો જાય છે. અને મજાની વાત કે તે ગીરપ્રદેશનો બનતો જાય છે

આપણે નવલકથામાં જોઈએ તો મુખ્ય પાત્ર તરીકે નાયક તો છે જ છે. પણ ગીર પોતે પણ મુખ્ય પાત્ર તરીકે નવલકથામાં આવે છે. ત્યાં વસતા સિંહ અને અન્ય પ્રાણીઓ, ત્યાં વસતા લોકો એમનું જીવન અને એમની રહેણી-કરણી, લોકોનું ગીર પ્રત્યેનો પ્રેમ, તેમનાં રિવાજો, અને અન્ય પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ અને પોતાપણું એ નવલકથાનું મુખ્ય આધાર બિંદુ છે.

મોટાભાગની નવલકથામાં મુખ્ય પાત્ર તરીકે માણસો હોય છે.પરંતુ આ નવલકથામાં મુખ્ય પાત્ર "ગીર" છે. એવી જગ્યા કે જ્યાં જંગલનાં રાજાના ડેરાઓ અને ગર્જનાઓ સિવાય બીજું ઘણું બધું છે. પ્રકૃતિનું દરેક તત્વ, દરેક ભાગ અહીં ધબકે છે, જીવે છે. "ઈના ડુંગરા રૂપાળા અને સ્હિંણ તે સખી

જણી..” – આ છે ગીર !! નવલકથાનો નાયક શરૂઆતમાં તે અસમંજસમાં હોય છે કે તે ગીર શું કામ આવ્યો છે પરંતુ ધીરે ધીરે ગીરમાં ઘૂમતાં, તેની વનરાજીઓ, કંદરાઓ ખૂંદતા તે પોતાની જાતને ખૂંદી વળે છે.

તે ચિત્રો દોરવા માટે ગીરમાં જુદી જુદી જગ્યાએ ફરે છે,અને જેમ જેમ તે ફરે છે;તેમ તેમ તે જે કામથી આવ્યો તે ચિત્રો એના પ્રસંગોના આધારે આપોઆપ બનતા જાય છે.એ પછી ગીરની સરિયું અને રમઝાના જેવી સિંહણોનાં ચિત્રોથી માંડીને,ઘંટલા ઘંટીનાં લગ્નનો ચિત્રો હોય કે પછી, દીવાકર દ્વારા કાસિયા નેસનાં સ્ટેશન આગળ બનાવેલી ડંકીનું પોતાના દ્વારા અજાણ્યામાં દોરાયેલું ચિત્ર હોય કે,સિંહોને બચાવવા માટે જુનાગઢ રેલવેના પાટા પર એકલા ચાલીને જતા હોય એવું રવા આતાનું ચિત્ર હોય, કે રવાતા રહેતા હતા ત્યાં, તેના ઘર આગળનો મહાદેવનો રૂખડાનું ચિત્ર.આ બધું એના ચિત્રોમાં ક્યાંથી આવ્યું એ એને પોતાનેપણ ખબર હોતી નથી. આના પરથી તેને વિક્રમના કહેલા શબ્દો યાદ આવે છે કે –

“કાં’કહોય તો કાં’ક આવે”

આપણે ટૂંકમાં કહેવું હોય તો કહી શકીએ કે – અકૂપારની કથા એટલે, સંસાઈ જેવી નાયકને ટક્કર આપી નવલકથાને પોતાના નામે કરી લેતી અલ્લડ સ્વભાવની અને ગીરપ્રદેશ અને ત્યાંના વસતા નાનાથી મોટામાં બાધા જીવમાત્ર હોય કે,પછી પોતે ગીર હોય.આ બધા પ્રત્યેનો સંસાઈનો પ્રેમ એટલે અકૂપારની કથા.

કે પછી ધાનું જેવા વ્યક્તિ દ્વારા પોતે ઓળખતોયે ના હોય એવા વ્યક્તિને બચાવવા માટે પોતે પોતાની જાતને સિંહો સામે ધરી દેવાની હિંમત હોય કે, પછી સિંહ તેને નુકસાન પહોંચાડે છે છતાં પણ તેનું કહેવું કે “સિંહ જેવું ખાનદાન પ્રાણી બીજે ક્યાંય મળે નહીં”. આ પ્રેમ એટલે અકૂપારની કથા.

આઈમાં જેવી વૃદ્ધ સ્ત્રી ના મોઢેથી સાંભળવા મળતી વાતો હોય કે પછી એમનું સહજ જ્ઞાન; પોતે શિકાર થઈ ગયેલા પ્રાણીને ખમ્મા કહેવાને બદલે આખા ગીરને ખમ્મા કહેવાની વાત હોય કે પછી, કોઈ ઋષિમુનની જ્ઞાન આપતો હોય એમ પૃથ્વીના અનંત રહસ્યોની વાત સાદી-સરળ શૈલીમાં કેહવું,કે ગીરની અને ત્યાંના દરેક જીવ માત્રને ચિંતા કરતી વૃદ્ધ સ્ત્રી ની વાત, એટલે અકૂપારની કથા.

રવા આતા જેવો આંધળો વ્યક્તિ કે જે સંસારી નો પૂર્વજ હતો; તેના દ્વારા ગિરનાં સાવજોને બચાવવા માટે; આંધળો હોવા છતાં એકલો જૂનાગઢ પહોંચીને અંગ્રેજ અને દીવાન સામે પોતાને અને સિંહોને એક કહીને તેમને બચાવવા માટે અંગ્રેજીને દરખાસ્ત કરે છે.પોતે સિંહને મારવા ગીરમાં નહીં આવે એમ કહે છે.અને જો આવશે તો પછી જોયા જેવી થશે.! પોતે એકલો યુદ્ધ ચડશે. એક આંધળાચારણ દ્વારા કરવામાં આવેલી આ હિંમત અને પોતે કરેલા આ સાહસની કથા એટલે અકૂપારની કથા.

દીવાને એને ભેટ આપવા કહેતા તે ઘંટલાને ગોદ લે છે,અને ઘંટડીને દીવાનને પાસે ગોદ લેવડાવે છે. અને ઘંટલા- ઘંટલી લગ્ન કરાવે છે. ને પોતે એમનું લીધેલું વચન પાળી આખા ગામને આખી નાતને જમાડે છે, ગોરબાપાને પણ એમની મરજી મુજબનું દાપું આપે છે. આમ રવા આતાના વચન અને વિશ્વાસની કથા એટલે અકૂપારની કથા.

સાબા જેવી અભણ સ્ત્રી જે પોતાનું બાળક ચાલતું નથી તે ચાલતું થાય એ માટે તે ટ્રેનનાં એન્જીનની બાધા રાખે છે. અને મજાની વાત એ કે બાધા ફળે પણ છે અને તેનું છોકરું ચાલતું પણ થઇ જાય છે. તો આપણે કહી શકીએ કે સાબાનાં આ એક નિર્જીવ વસ્તુંમાં ઈશ્વરીય તત્ત્વ દેખનારી સાબાની કથા એટલે અકૂપારની કથા.

દીવાકર પોતે બીજા પ્રદેશમાંથી આવીને ગીરમાં રહી અને રેલવે સ્ટેશનમાં નોકરી કરે છે. અને પોતે અનઇચ્છાએ આવેલો પણ ધીરે ધીરે ગીરનો નેડો એને એવો લાગે છે કે એક વખતે પોતે ગીર પ્રદેશ માંથી જવા માટે ઘણી મથામણ કરતો દીવાકર, ગીર પ્રદેશ છોડવા તૈયાર પણ થતો નથી. અને તે પ્રાણીઓની માટે પોતાના રેલવે સ્ટેશનની આગળ એક ડંકી બનાવે છે. આમ દીવાકર અને (કાદુ)દીપડા સાથેના દોસ્તીની કથા એટલે અકૂપારની કથા.

લક્ષ્મી જેવી સ્ત્રી કે જેની ગાય સિંહ ઉપાડી લઇ જાય છે ત્યાંરે તે પોતે પોતાની દીકરી જાણે આપી દીધી હોય એમ ગાયને પોતાની દીકરીની કક્ષાએ મુકનારી અને પોતે પોતાની ગાય ગીરને દાન કરી દીધી એવી ખુમારી ધરાવતી લક્ષ્મીની કથા એટલે અકૂપારની કથા.

રાણી જેવી સ્ત્રી કે જે પોતે વિધવા છે છતાં એ સરપંચ તરીકેનું કાર ભારુ સંભાળે છે.અને પોતાની સમજણ દ્વારા વાચકની પ્રભાવિત કરનાર રાણી હોય કે પછી,વિક્રમ જેવા જુવાન છોકરાની સમજણ અને સહજ વાણીમાં ઉચ્ચકક્ષાના તત્વજ્ઞાનની વાત વહેતી કરવાનો સ્વભાવ. ભગત,ગોરબાપા, કે સાવજો, ડુંગરાં, માલધારીઓ, નેસ, સિંહ પર રીસર્ચ કરતી આફ્રિકન ડોરોથી, માછીઓ, કેમ્પમાં આવતાં બાળકો, સિંહણો સાથે ઉછરેલી, રમતી અને સિંહણોને સખી ગણી હક કરતી સાંસાઈ અને આ સૌની સાથે સોરઠી ભાષાઓની મીઠાસ..! એક એવો અનુભવ કે જે વાંચતાં જ એ અજાણી ભોમકા માટે લાગણી થઈ જાય. આમ નવલકથામાં આવતું દરેક પાત્ર અને તે બધાનો નિચોડ એટલે અકૂપારની કથા આમ આપણે કહીએ તો એમાં જરાય અતિશયોક્તિ લાગતી નથી.

આઈમા તેને કરોડો વર્ષનો થાય એવા આશીર્વાદ આપે છે. ત્યારે તે આશરે આશ્ચર્યમાં મુકાઈ જાય છે,કે માણસનું આયુષ્યમાન થોડા વર્ષનું હોય છે ;અને આ ડોશી પોતાની કરોડો વર્ષનો થાય એવું આશીર્વાદ કેમ આપ્યા.? અને એવા અનેક પ્રશ્નો કે જે તેને ગીરમાં આવીને ઉદ્ભવ્યા તે બાધા પ્રશ્નોના જવાબની ખોજ તે અવારનવાર કરતો રહે છે. અને એ બધા પ્રશ્નોના જવાબ એને ધીરે ધીરે જેમ જેમ ગીરમાં ફરતો જાય છે. લોકોને ઓળખતો જાય છે, અને ગીરને સમજતો જાય છે, તેમ તેમ તેને બધા જવાબ આપ મેળે મળી જાય છે. અને છેવટે પોતાના બધા જ ચિત્રો કે જેણે પોતે ગીરમાં રહ્યો અને જે પ્રસંગ જોયા સાંભળ્યા હોય એના ચિત્રો તે દોરે છે.

નવલકથાની અંતમાં જ્યારે તે પોતે દોરેલા ચિત્રોનું પ્રેઝન્ટેશન આપવાનું થાય છે, ત્યારે તે અહેવાલ પણ રજૂ કરવાનું હોય છે. એ શું બોલવું?એમ વિચારમાં પડી જાય છે; પણ તેને આઇમાનું વાક્ય યાદ આવે છે કે – "બધું આપમેળે થઈ જશે" અને પછી એ જેમ જેમ પરદા પર પોતે દોરેલા ચિત્રો આવતા જાય છે,તેમ તેમ પોતે દોરેલા ચિત્રો કઈ રીતે તેને પૃથ્વી તત્ત્વ રજૂઆત કરી અને તેને કાગળ પર ઉતાર્યા એ બધી કહાની રજૂ કરવા લાગે છે. અને એક વાચક તરીકે મને એવું લાગ્યું કે આ પ્રેઝન્ટેશન આપતી વખતે એ પોતે નાયક મટીને જાણે, ગીરે મનુષ્યનું સ્વરૂપ ધારણ કર્યું હોય અને

પોતે પ્રેઝન્ટેશન આપતું હોય  એમ એક એક ચિત્ર પોતે કઈ સ્થિતિમાં બન્યું,અને પોતે કઈ રીતે ચિત્ર કાગળ પર ઉતાર્યું,એ બધો જ અહેવાલ એ આપે છે. અમે છેલ્લે પોતે કહે છે કે –

“ આ બધું ગીરની સંપત્તિ છે અને ગીરનું હોય તો ગીરની બહાર લઈ જવાનું મને યોગ્ય લાગતું નથી. ”

એની વાત પુરી થતા આખા ઓરડામાં શાંતિ છવાઈ જાય છ. અને થોડીવાર પછી એક વૃદ્ધ વ્યક્તિ તાળીઓનો ગડગડાત કરી ઊઠે છે, અને એની પાછળ આખા ઓરડાના બધા લોકો નાયકને અને તેની આ વાતને વધાવી લે છે. અને આખો ઓરડો તાળીઓના ગડગડાટ થી ગાજી ઊઠે છે. અને છેવટે પોતે પણ ગીરની સંપત્તિ બની જાય છે .

આમ અહીં લેખકે ગીરને જીવંત રૂપે આલેખ્યો છે.અને એમાં વસતા દરેકને, પોતાનામાં સમાવી લેવાના ગુણને ધ્રુવ દાદા એ એમની શૈલીમાં સુંદર રીતે આલેખન કર્યું છે.

‘ ખમ્મા ગીરને ’

---

નયનભાઈ રાજુભાઈ ડામોર
ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ,અમદાવાદ
ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગ.